केन्द्रीय बागवानी परीक्षण केन्द्र

गोधरा–वडोदा हाईवे वेजलपुर (गोधरा)३८९३४० (गुजरात)

Phone: Head of Station-02676-234657, 234077 (O)A. Adm. Officer-234076


જાહેર નિવિદા નં – ૦૪/૨૦૨૦

**આમળા ના ઉભા પાકની હરાજી માટે સીલબંધ કવરમાં બાાવ/ ઓફરનુ આમંત્રણ**

આથી નીચે સહી કરનાર દ્વારા કેન્દ્રીય બાગાયત સંશોધન કેન્દ્ર, ગોધરા–વડોદરા હાઇવે, વેજલપુર–૩૮૯૩૪૦ ના બ્લોક નં. ૨, ૩ અને ૪ માં ૨૦ હેક્ટરમા આવેલા આમળા ના (૧૫૧૩ ઝાડ) ઉભા પાકની હરાજી માટે તારીખ ૦૫/૧૦/૨૦૨૦ ને સોમવાર ના રોજ બપોરે ૧૨.૦૦ કલાક સુધીમાં સીલબંધ કવરમાં ભાવ આમંત્રિત કરવામાં આવે છે. હરાજીમાં ભાગ લેવા ઇચ્છતી દરેક વ્યક્તિ/પાર્ટિઓએ હેડ, કેન્દ્રીય બાગાયત સંશોધન કેન્દ્ર, વેજલપુર ને સંબોધિત માત્ર સીલબંધ કવરમાં આમળા ના ઉભા પાકના ભાવ દર્શાવી ને આમળા ના માટે રૂ.૩૫૦૦૦/- (અંકે રૂપિયા પાંત્રિસ હજાર પુરા) નો ડિમાન્ડ ડ્રાફ્ટ હેડ, સી.એચ.ઇ.એસ., વેજલપુરના નામનો સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા, વેજલપુર (કોડ નં ૧૩૦૨૫) સંલગ્ન કરવાનો રહેશ) હેડ, કેન્દ્રીય બાગાયત સંશોધન કેન્દ્ર, ગોધરા–વડોદરા હાઇવે, વેજલપુર–૩૮૯૩૪૦ કાર્યાલય પર મુકેલ સીલબંધ ટેન્ડર બોક્ષમાં તારીખ ૦૫/૧૦/૨૦૨૦ ને સોમવાર ના રોજ બપોરે ૧૨.૦૦ કલાક સુધીમા પ્રસ્તુત કરવાના રહેશે અનામત રાશિ નહી પ્રસ્તુત કરવાની સ્થિતિમાં ટેન્ડર સ્વીકાર કરવામાં આવશે નહી. પ્રાપ્ત થયેલ સીલબંધ ટેન્ડર તે જ દિવસે ૧૨-૩૦ ક્લાકે હરાજીના સમયે ઉપસ્થિત વ્યક્તિઓ/પાર્ટીઓ સમક્ષ ખોલવામાં આવશે. રસ ધરાવતી વ્યક્તિઓ/પાર્ટીઓ આમળા ના પાકનું નિરીક્ષણ ઓફિસના કામકાજનાં દિવસો દરમ્યાન સવારના ૧૦-૦૦ થી સાંજના ૦૪-૦૦ કલાક સુધી કરી શકશે. આમળા ના " જે છે તે આજ છે" ના ધોરણે હરાજી કરવામાં આવશે., સીલબંધ ટેન્ડર માં જેની રકમ ઉચ્ચતમ હશે તે હરાજીમાં સફળ થશે સાથે આમળા ના પાક ની તમામ જવાબદારી સફળ બોલી બોલનાર ની રહેશે . હરાજીમાં ભાગ લેનાર વ્યક્તિ/પાર્ટીઓ પાન નંબર ધરાવતી હોવી જોઇએ તથા તેની ઝેરોક્ષ કોપી સીલબંધ કવરમાં મુકવાની રહેશે. પાન નંબર ન ધરાવતી વ્યક્તિ/પાર્ટી સીલબંધ કવર રજૂ કરી શકશે નહિ. હરાજીમાં સફળ ઉચ્ચતમ કુલ રકમના ૩૩ ટકા રકમ તથા કુલ રકમ પર તથા વેરા ની રકમ હરાજીના સ્થળે જમા કરાવવાની રહેશે. આમળા ના કુલ ૧૫૧૩ ઝાડમાંથી ૦૫ ઝાડ ખેડુતોના પ્રદર્શન માટે અને ૨૨૦ કિલો આમળા સંસોધન હેતુ અનામત રાખવામા આવશે . તથા બાકીની રકમ નો D.D. બે દિવસની અંદર ઓફિસમાં જમા કરાવવાનો રહેશે. આમળા ના ઉભા પાકને ઝાડ પરથી ઉતારતી વખતે ઝાડ, ડાળીઓને તથા કેન્દ્રની સંપત્તિને નુકશાન ન પહોંચે તેનુ ધ્યાન રાખવાનુ રહેશે નુકશાન પહોચશે તો તેનુ પણ વળતર લેવામાં આવશે. અસફળ બોલીદાતાઓની અનામતની રકમ D.D. પરત કરવામાં આવશે અન્ય શરતો હરાજીના સમયે સંભળાવવામા આવશે. કોઇપણ કારણસર સીલબંધ ટેન્ડરના ભાવ સ્વીકારવી કે નહી તેના તમામ હક્કો નીચે સહી કરનારને આધીન રહેશે, જે દરેક વ્યક્તિ/પાર્ટીઓને બંધનકર્તા રહેશે.

S. Singh

પ્રધાન

કે.બા.પ.કે., વેજલપુર